**બનાસકાંઠા ડિસ્ટ્રિકટ કેળવણી મંડળ, પાલનપુર**
**સંચાલિત**

# આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ
# સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

**પ્રથમ વર્ષ કોમર્સ (B.Com. Sem-I) ગ્રાન્ટેબલ / સ્વનિર્ભર વર્ગોમાં પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી**

જુન–૨૦૨૩ થી શરૂ થતાં **શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪** માટે B.Com.Sem-I માં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. એ નકકી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | Dt. 02 -06-2023 to 15-06-2023 |

૧. વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ www.rrmcsclpcc.ac.in પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૦૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે અન્યથા પ્રવેશ ફોર્મ રદ થશે.
ફોર્મ ભરવા માટેની લીંક– https://nextgensoft.in.net/rrmsclpc_bcom/nextcube/ext/admission

૨. ગ્રાન્ટેબલ અને સ્વનિર્ભર વર્ગમાં પ્રવેશ માટે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ માટે અલગ–અલગ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. દરેકની પ્રવેશ યાદી પણ અલગ–અલગ પ્રસિધ્ધ થશે.
દરેક વિદ્યાર્થી કુલ ચાર ફોર્મ ભરી શકશે.(જરૂરીયાત અને ઈચ્છા મુજબ)
(૧) ગ્રાન્ટ ઈન એઈડ અંગ્રેજી માધ્યમ (૨) ગ્રાન્ટ ઈન એઈડ ગુજરાતી માધ્યમ
(૩) સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ અને (૪) સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ

૩. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈથી ભરવી. અપૂરતી કે ખોટી વિગતો ભરેલ હશે તો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે.

૪. ફી નું ધોરણ:×
Grant-in-aid fees for Boys: Rs.1685/-
Grant-in-aid fees for Girls: Rs.1085/-
Self-Finance fees: Rs.6585./- (for both Girls and Boys)

✓ **Seat Matric**:
– Commerce Grant-in-aid English 2 Division (260 Seat)
– Commerce Grant-in-aid Gujarati 2 Division (260 Seat)
– Commerce Self finance Gujarati 1 Division (130 Seat)
– Commerce Self finance English 1 Division (130 Seat)

૫. પાલનપુર તાલુકાની સ્કૂલોમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો બંનેના મેરીટમાં ૧૫ ગુણ મળવાપાત્ર રહેશે. તથા દરેક બહેનોને ૧૦ ગુણ તેમના મેરીટમાં મળવાપાત્ર રહેશે. દા.ત. પાલનપુર તાલુકાની સ્કૂલની **વિદ્યાર્થીની** હશે તો તાલુકાના ૧૫ ગુણ તથા કન્યાના ૧૦ ગુણ એમ કુલ ૨૫ ગુણ મળવાપાત્ર રહેશે.

૬. મેરીટ માટે થીયરીના કુલ ૭૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના થિયરી વિષયોના કુલ ગુણ – ૭૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે. જો વિદ્યાર્થી ધોરણ–૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયો ન હોય તો એક કરતાં વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે. કોમ્પ્યુટર વિષયના **પ્રેક્ટિકલ ગુણ** મેરિટની ગણતરીમાં ધ્યાને લેવાશે નહીં.

૭. પ્રવેશ માટે ધોરણ–૧૨ ના મુખ્ય વિષયો નામાના મૂળતત્વો, વાણિજય વ્યવસ્થા (બે માંથી કોઈ પણ એક) અને અર્થશાસ્ત્ર, ધંધાકીય ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને બેંકીંગ (ચાર માંથી કોઈ પણ એક) વિષય રાખેલ હોવો જોઈએ.

૮. પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.

૯. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાયતો Edit Exiting Admission પર કિલક કરી ફોર્મ માં ભરેલ Mobile No. અને Birthdate નાખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફાઈનલ સબમીશન બાદ સુધારો કરી શકાશે નહી.

૧૦. વોટસઅપ મોબાઈલ નંબર ફરજીયાત ઓનલાઈન ફોર્મમાં જણાવવાનો રહેશે.

૧૧. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિધાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે.અને તેમા મુદ્દા નંબર ૧૩ મુજબના ડોકયુમેન્ટ જોડવાના રહેશે .

૧૨. પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ સતત ચેક કરતા રહેવું. પ્રવેશ યાદીમા નામ આવેથી વિદ્યાર્થીએ પ્રવેશ માટે નિયત ફી ઓનલાઈન ભરવાની રહેશે.અન્યથા પ્રવેશ રદ થશે.

૧૩. ફી ભરાયા બાદ કોલેજ દ્વારા જાણ કરવામાં આવે ત્યારે વિધાર્થીએ ભરેલા ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાનો પુરાવો તથા નીચેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ સાથે કોલેજ દ્વારા જયારે જાણ કરવામાં આવે ત્યારે રીપોટીંગ કરવાનું રહેશે. નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સાથે રાખવા ફરજીયાત છે.

  ૧. ધોરણ–૧૨ (હાયર સેકન્ડરી) પરીક્ષા પાસ કર્યાની માર્કસીટની પ્રમાણિત નકલ.
  ૨. ધોરણ–૧૨ પરીક્ષાના પ્રથમ પ્રયત્ને અથવા જેટલા પ્રયત્ને પસાર કરી હોય તે અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો.
  ૩. શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
  ૪. પછાતવર્ગના વિધાર્થીઓએ જાતિ અંગેનાં સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
  ૫. બક્ષીપંચના વિધાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી તે બાબતના દાખલાની પ્રમાણિત નકલ. (સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ)
  ૬. EWS (આર્થિક રીતે નબળા) વર્ગના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
  ૭. હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કર્યા પછી અભ્યાસમાં દાખલ થવા માટે તૂટ પડી હોય અથવા તો બીજા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તો નિયત નમુનામાં રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ (એફીડેવીટ) કરાવી રજુ કરવાનું રહેશે.
  ૮. પ્રવેશ ફોર્મ સાથે તાજેતરનો ફોટો લગાવવાનો રહેશે.
  ૯. આધારકાર્ડની પ્રમાણિત નકલ.
  ૧૦. નેશનલાઈઝ બેંક પાસબુકની પ્રથમ પેજની પ્રમાણિત નકલ.
  અનામત બેઠકોમાં આવતા વિદ્યાર્થીઓએ જાતિનો દાખલો તથા અન્ય જરૂરી સર્ટિફિકેટ અપલોડ કરવાના રહેશે.

૧૪. જો તમારા અસલ ડોકયુમેન્ટમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ (ખોટી વિગતો /અધુરી માહિતી) માલુમ પડે તો પ્રવેશ આપોઆપ રદ થવા પાત્ર રહેશે અને ભરેલી ફી પરત મળશે નહી.

૧૫. ધોરણ–૧૨ની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૩ પહેલાં પાસ કરી હોય અને આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/ અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો NOC લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે. NOC વગર પ્રવેશ મેળવી શકશે નહી.

૧૬. <u>અનામત બેઠકોની ફાળવણીઃ–</u> કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.

  ૧. અનુસુચિત જાતિ માટે – ૭%    ૨. અનુસુચિત જનજાતિ માટે– ૧૫%
  ૩. બક્ષીપંચ માટે–૨૭%    ૪. આર્થિક પછાત(EWS)–૧૦%
  ૫. શારીરિક વિકલાંગ માટે–૩%    ૬. અન્ય બોર્ડ– ૨ %

૧૭. <u>ફી ના ધોરણો :–</u> હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. સરકારશ્રીના નિયમ મુજબ કન્યાઓને કોલેજની ટયુશન ફી માંથી મુકિત આપવામાં આવશે. પછાત વર્ગના અનુસુચિત જન જાતિ ( S.T. ) વિધાર્થીઓને સરકારશ્રીના નિયમો અનુસાર ફી બાબતના લાભ મળશે. વિધાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો. આધારકાર્ડની નકલ ઉપર અચૂક વિદ્યાર્થીએ સહી કરવી.

૧૮. ગ્રાન્ટેબલ ડિવિઝનમાં અનામત વર્ગના વિદ્યાર્થીઓને નિયત સમયે સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર રહેશે.જે માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

૧૯. માર્ગદર્શન મેળવવા હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવો.

(૧) પ્રા.કે.કે.માથુર મો. **9825197297**
(૨) ડૉ. શિતલ ચૌધરી મો. **9723396174**
(૩) પ્રા. હેતલ રાઠોડ મો. **9913657029**
**(૪)** પ્રા. જયોતિ બી.ઠકકર મો. **9924988101**
(૫) પ્રા. વિજય આઈ.પરમાર મો. **9408112019**

૨૦. ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર સિવાય અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિધાર્થીને આ યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૨૧. પ્રવેશ મેળવનાર વિધાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૨૨. પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવસિર્ટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.

૨૩. જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ, નિયમો કે ટેકનીકલ કારણોસર ક્ષતિયુકત માલુમ પડશે તો અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ. વિદ્યાર્થીનો પ્રવેશ માન્ય રાખશે નહી તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ. ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.

૨૪. કોલેજ કાર્યાલયનો સમય સોમવાર થી શનિવાર સવારે ૧૧:૩૦ થી ૦૫:૦૦ કલાકનો રહેશે.

૨૫. પ્રવેશની કામગીરી યુનિવર્સીટી દ્વારા સુચવેલા નીચેના શિડયુલ પ્રમાણે થશે.

૨૬. પ્રવેશ પ્રક્રિયા દરમિયાન કોલેજ કેમ્પસમાં પ્રવેશ કરનાર દરેક વ્યકિતએ કોરોના ગાઈડલાઈન **(SOP)**નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૭. કોલેજમાં આપેલ મોબાઈલ નંબર બદલાય તો કોલેજને અચૂક જાણ કરવી અને પોતાનો મોબાઈલ નંબર ઉપરાંત પિતાશ્રીનો મોબાઈલ નંબર અચૂક લખવો.

૨૮. જયા સુધી કોલેજમાં ડોકયુમેન્ટ જમા કરાવો નહીં ત્યા સુધી પ્રવેશ કામચલાઉ પ્રવેશ ગણાશે જે રદ થવા પાત્ર છે.

૨૯. વધુ માહિતી માટે કોલેજ પ્રોસ્પ્રેકટ્સ જોવું જે વેબ સાઈટ www.rrmcsclpcc.ac.in પર મૂકેલ છે.

**કન્વીનર**
**પ્રોફે. એસ.એન.જયસ્વાલ**
**(કોમર્સ વિદ્યાશાખા એડમીશન કમિટી)**

**આચાર્ય**
**ડૉ.વાય.બી.ડબગર**
**(9426041340)**

# B.Com. Sem.I Admission ReSchedule for

# Academic Year-2023-24

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | 02/06/2023 to 15/06/2023 |
| ૨ | પ્રથમ મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 19/06/2023 |
| ૩ | ઓનલાઈન ફી ભરી પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ | 19/06/2023 to 23/06/2023 |
| ૪ | બીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 28/06/2023 |
| ૫ | બીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | 28/06/2023 to 01/07/2023 |
| ૬ | જરૂર પડે ત્રીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 04/07/2023 |
| ૭ | ત્રીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | 04/07/2023 to 06/07/2023 |

**નોંધઃ**

(૧) જરૂર પડશે તો ચોથી મેરીટ યાદી ઓનલાઈન કોલેજની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે તો વિધાર્થી મિત્રોએ વેબસાઈટ જોતાં રહેવું.

(૨) રીપોર્ટીગ સમયે વિદ્યાર્થીએ ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.

**તારીખ :સ્થળ : પાલનપુર**

**કો–ઓર્ડીનેટર એન્ડ કન્વીનર**
**પ્રોફે. એસ.એન.જયસ્વાલ**
**(કોમર્સ વિદ્યાશાખા એડમીશન કમિટી)**

**આચાર્ય**
**ડૉ.વાય.બી.ડબગર**
**(9426041340)**